તારીખ : 02-10-2021

સમય : 0 મિનિટ

# ધોરણ 8 સામાજિક વિજ્ઞાન

ch 6

8th s.s

કુલ ગુણ : 22

*** નીચેના વિધાનોમાં યોગ્ય શબ્દ લખી ખાલી જગ્યા પૂરો.** **[3]**

1. બારડોલી સત્યાગ્રહ બાદ વલ્લભભાઇ પટેલ ...........તરીકે ઓળખાયા.

   **જવાબ :** સરદાર

2. ગાંધીજીએ ડુંગળી ચોરનું બિરુદ.................. ને આપ્યું

   **જવાબ :** મોહનલાલ પડયા.

3. "ચલો દિલ્લી' સૂત્ર .............. એ આપ્યું.

   **જવાબ :** સુભાષચંદ્ર બોઝ

*** માગ્યા મુજબ જવાબ આપો: (દરેકનો 1 ગુણ)** **[3]**

4. મવાળવાદી નેતાઓમાં ક્યા-ક્યા નેતાઓનો સમાવેશ થતો હતો?

   **જવાબ :** મવાળવાદી નેતાઓમાં વ્યોમેશચંદ્ર બેનરજી, દાદાભાઈ નવરોજી, ફિરોજશાહ મહેતા, બદરુદીન તૈયબજી, કે.ટી. તેલંગ, ગોપાલકૃષ્ણ ગોખલે, દિનશા વાચ્છાનો સમાવેશ થતો હતો.

5. ગાંધીજીએ રોલેટ એક્ટને કાળો કાયદો' શા માટે કહ્યો?

   **જવાબ :** રોલેટ એક્ટ નાગરિકોની અભિવ્યક્તિની સ્વતંત્રતા જેવા મૂળભૂત અધિકાર પર અંકુશ લગાવતો હતો. તેમજ પોલીસને વધુ પડતા અધિકારો આપતો હતો. તેથી ધીજીએ રોલેટ એક્ટને કાળ કાયદો' કહ્યો.

6. ભારતના લોકોએ "સાયમન કમિશનનો બહિષ્કાર કર્યો? (વા.પ્રશ્ન)

   **જવાબ :** સાત સભ્યોના બનેલા સાયમન કમિનના બધા જ સભ્યો અંગ્રેજો હતા. તેમાં એક પણ ભારતીયને સ્થાન આપવામાં આવ્યું ન હોવાથી ભારતના લોકોએ સાયમન કમિશનનો બહિષ્કાર કર્યો.

*** નીચે આપેલ પ્રશ્નોના સંક્ષિપ્ત જવાબ આપો : (દરેક પ્રશ્નના 2 ગુણ છે.)** **[2]**

7. ગાંધીજીએ અસહકારનું આંદોલન શા માટે મોકૂફ રાખ્યું?

   **જવાબ :**

   - અસહકારનું આંદોલન પુરજોશમાં ચાલતું હતું ત્યારે ઉત્તર પ્રદેશના ગોરખપુર જિલ્લાના ચૌરીચોરા ગામે ફેબ્રુઆરી 1922માં વિદેશી કાપડ અને દારૂની દુકાને પિકેટિંગ કરતા લોકો પર પોલીસે લાઠીમાર કર્યો.
   - લોકોનું ટોળું પોલીસ ચોકી પર ગયું. ત્યાં તેમના પર ગોળીબાર કરવામાં આવ્યો.
   - પોલિસની ગોળીઓ ખૂટી જતાં લોકોએ પોલીસ ચિકીને આગ લગાડતાં તેમાં 22 પોલીસો બળી મર્યા.
   - ગાંધીજીએ ગૌરીચોર મુંબઈ તથા અન્ય સ્થળોએ બનેલા હિંસક બનાવોને ધ્યાનમાં લઈ અસહકારનું આંદોલન મોકૂફ રાખ્યું.

*** નીચેના પ્રશ્નોનાં મુદ્દાસર ઉત્તર લખો. (દરેક પ્રશ્નના 4 ગુણ છે.)** **[4]**

8. ભારતમાં રાષ્ટ્રવાદના ઉદ્ભવ અને વિકાસ માટે કયા-કયા પરિબળો જવાબદાર હતા ?

   **જવાબ :**

   - ભારતમાં રાષ્ટ્રવાદના ઉદ્ભવ અને વિકાસ માટે નીચેના પરીબળો જવાબદ્ધર છે.

   (1) રાજકીયઃ 19મી સદીના મધ્યભાગ સુધીમાં સમગ્ર ભારતમાં એક હથ્થુ બ્રિટિશ શાસન સ્થપાઈ ગયું હતું. જેને કારણે દેશમાં એકસરખું વહીવટીતંત્ર અમલમાં આવ્યું. આમ, સમાન અંગ્રેજી શાસને અજાણતા લોકોમાં રાષ્ટ્રવાદના બીજ રોપ્યા.

   (2) આર્થિક ઈંગ્લેન્ડને આર્થિક રીતે સમૃદ્ધ બનાવવાની નીતિના પરિણામે ભારતીય ખેડૂતો પાયમાલ થયા. અનેક ઉદ્યોગ, ધંધા પડી ભાંગ્યા. જેને કારણે કારીગર વર્ગ બેરોજગાર બન્યો. આર્થિક અસંતોષ અને અન્યાયની ભાવનાએ લોકોનાં અંગ્રેજ સરકાર સામે એક કર્યા.

   (3) શિક્ષણ અને સાહિત્ય - અંગ્રેજી કેળવણીએ ભારતમાં બુદ્ધિવાદી વર્ગ ઊભો કર્યો. તેઓમાં લોકશાહી, સ્વતંત્રતા, સમાનતા, રાષ્ટ્રવાદ વગેરેની પ્રેરણા મળી. ભારતની વિવિધ ભાષાઓમાં અનેક સાહિત્યોની રચના થઈ આ સાહિત્યમાં રાષ્ટ્રવાદ, પૌરાણિક ગૌરવ અને વૈચારિક જાગરણને લગતા વિચારો હતાં. - રાષ્ટ્રવાદના વિકાસમાં વર્તમાનપત્રોનો ફાળો અગત્યનો હતો. તેઓ દ્વારા સરકારની અન્યાયકારી નીતીઓ સામે કરાતી ટીકાઓએ જનજાગૃતિ ફેલાવવાનું કાર્ય કર્યું.

   (4) ભવ્ય વારસો :- ભારતમાં પુરાતત્વીય સંશોધન થયા અને ભારતીય શ્રેષ્ઠ ગ્રંથોનો વિદેશી ભાષાઓમાં અનુવાદ થયો. આને કારણે ભારતીયોને તેમના ભવ્ય અને ગૌરવશીલ વારસાનો પરિચય થયો. તેનાથી લોકોમાં રાષ્ટ્રીય અસ્મિતા જાગૃત થઈ.

   (5) વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહાર - તાર, ટપાલ અને રેલવેની શરૂઆત થતાં એક પ્રદેશના લોકો બીજા પ્રદેશમાં રહેતા વ્યક્તિઓના સંપર્કમાં આવ્યા. વૈચારિક આપ-લે વધી. આ વધતા સંપર્કોએ જ્ઞાતિ, કોમ, અને પ્રદેશના ભેદભાવો ઓછા કર્યા. રાષ્ટ્રીય નેતાઓ તેમના વિચારો અને યોજનાઓ પ્રજામાં ફેલાવી શકયા.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

(6) અન્ય:- હિન્દી સનદી નોકરીઓમાં ભારતીયોને કરાતો અન્યાય. લિટનનો પ્રેસ સ્વાતંત્ર્ય પર કાપ મૂકતો વર્નાક્યુલર પ્રેસ એક્ટ હથિયાર બંધીધારો અને ઈલ્બર્ટ બિલ એક્ટ હેઠળ ભોસ્તીય ન્યાયાધીશ યુરોપીયન વ્યક્તિઓના કેસ ચલાવી શકે તેની સામેના અંગ્રેજોના વિરોધ વગેરે જેવી બાબતો રાષ્ટ્રવદના વિકાસ માટેના કારણો બન્યાં હતાં.

*** નીચેના પ્રશ્નોનાં મુદ્દાસર ઉત્તર લખો. (દરેક પ્રશ્નના 5 ગુણ છે.)** **[10]**

9. ભારતમાં થયેલ ક્રાંતિકારી પ્રવૃત્તિઓનો ટૂંકમાં પરિચય આપો. .

**જવાબ :**

- ભારતના નવયુવાનોનો એકવર્ગ હસતા મુખે માતૃભૂમિ માટે જાન આપવાની અને જાન લેવાની હિંમત રાખતો હતો.
- તેઓએ અનેક ક્રાંતિકારી પ્રવૃતિઓ હાથ ધરી હતી. ભારતમાં ક્રાંતિકારી પ્રવૃતિઓની શરૂઆત વાસુદેવ બળવંત ફડકેએ કરી હતી.
- તેઓએ પછાત જાતીઓને સંગઠિત કરી લડાયક તાલીમ આપી. દામોદર ચાફેકર અને બાલકૃષ્ણ ચાફેકરે મુખ્ય પ્લેગ કમિશનર રેન્ડ અને તેમના મદદનીશોની હત્યા કરી.
- કારણ કે મુંબઈ ઈલાકામાં - જ્યારે પ્લેગ ફેલાયો ત્યારે તેઓ લોકોને ખૂબ પરેશાન કરતાં હતાં. વિનાયક સાવરકરે ઈ.સ. 1900માં મિત્રમેલા નામની ક્રાંતિકારી સંસ્થા સ્થાપી.
- જે પછીથી અભિનવ ભારત તરીકે ઓળખાઈ. તેઓએ 1857 : પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ' નામનું પુસ્તક લખ્યું જેને અંગ્રેજો એ પ્રકાશીત થતા પહેલાં જ પ્રતિબંધ કર્યું.
- સાવરકરને ક્રાંતિકારી પ્રવૃતિઓ માટે અંદમાન જેલમાં જન્મટીપની સજા માટે મોકલાયા.
- કોલકાત્તામાં બારીન્દ્ર ઘોષે અનુશીલન સમિતિની રચના કરી આ સંસ્થાએ ક્રાંતિકારી સાહિત્ય અને ક્રાંતિકારીઓને તાલીમ આપવાની પ્રવૃત્તિઓ કરી.
- બંગાળમાં ખુદીરામ બોઝ અને પ્રફુલ ચાકી અને ન્યાયાધીશ કિસફર્ડની હત્યા કરવાની યોજના તૈયાર કરી.
- પરંતુ યોજનાના અમલ સમયે કિન્ઝફર્ડની જગ્યાએ વકીલ કેનેડીના પત્ની અને દીકરીનું મૃત્યુ થયું.
- આ કેસમાં ખુદીરામને ફાંસી થઈ અને પ્રફુલચાકીએ જાતે ગોળીમારી બલિદાન આપ્યું.
- ક્રાંતિકારી પ્રવૃત્તિઓ અને હથિયારની ખરીદી માટે નાણાંની જરૂરિયાત ઊભી થઈ આ જરૂરિયાતને સંતોષવા કાકોરી સ્ટેશને ટ્રેનમાં આવેલી અંગ્રેજોની તિજોરીને લુંટવામાં આવી.
- કાંકોરી કેસમાં અશફાક, રામપ્રસાદ બિસ્મિલ, રોશનસિંહ અને રાજેન્દ્ર પ્રસાદની ફાંસી અપાઈ .
- બંગાળમાં ક્રાંતિકારીઓ વચ્ચે સંપર્કના માધ્યમ તરીકે દુર્ગાભાભીએ મહત્વની ભૂમિકા ભજવી.
- તેઓએ મહિલાઓને ક્રાંતિકારી પ્રવૃતિઓમાં સક્રિય બનાવ્યા.
- પોસ્ટરો ચોંટાડવા, પત્રિકાઓ વહેંચવી, અદાલતી કેસો માટે નાણાં એકત્ર કરવા, બંદુકો ચલાવવી જેવી વિવિધ ક્રાંતિકારી પ્રવૃત્તિઓમાં ભાગ લીધો .
- ચંદ્રશેખર આઝાદે અનેક ક્રાંતિકારી પ્રવૃતિઓમાં સક્રિય ભાગ લીધો.
- અલ્હાબાદના આલ્ટેડ બાગમાં અંગ્રેજો સાથેના સંઘર્ષમાં પોતાની પિસ્તોલથી શહીદી વહોરી લીધી.
- આમ, માતૃભૂમિને આઝાદ કરવા માટે અનેક ક્રાંતિવીરોએ વિવિધ ક્રાંતિકારી પ્રવૃતિઓ દ્વારા અંગ્રેજ શાસનના પાયા ડગમગાવી દીધા

10. દાંડીકુચ વિશે ટૂંકનોંધ લખો.

**જવાબ :**

- ભારતમાં મીઠાના ઉત્પાદન અને વેચાણ ઉપર અંગ્રેજ સરકારનો એકાધિકાર હતો.
- ગાંધીજીના મતે મીઠા જેવી ભોજનની પાયાની જરૂરિયાત પર વેરો નાખવો એ પાપ છે.
- તેથી તેઓએ મીઠાના અન્યાયી કાયદાનો ભંગ કરવાનું નક્કી કર્યું.
- 12 મી માર્ચ 1930ના રોજ અમદાવાદના સાબરમતી આશ્રમથી પોતાના 79 સ્વયંસેવકો સાથે દાંડીયાત્રાની શરૂઆત કરી.
- અમદાવાદથી 370 કિમી દૂર આવેલા દાંડીના માર્ગ વચ્ચે અસલાલી, બારેજા, નડીયાદ, આણંદ, રાસ, જંબુસર, સુરત, નવસારી જેવા મોટા નગરો અને બીજા અનેક નાના ગામો આવતા હતાં.
- આ દરેક સ્થળોએ ગાંધીજીએ જાહેર સભાઓ યોજીને લોકોને મીઠાના અન્યાયી કાયદાના ભંગ કરવા સહયોગ આપવાનું આહવાન કર્યું.
- 6 એપ્રિલ, 1930ની સવારે દાંડીના દરિયાકિનારે મીઠું હાથમાં લઈ ગાંધીજીએ મીઠાના કાયદાનો ભંગ કર્યો અને સવિનય કાનૂનભંગની લડતનો પ્રારંભ કરાવ્યો.
- દાંડીયાત્રાની વિશ્વના અનેક વર્તમાનપત્રોએ નોંધ લીધી અહિંસક આંદોલનનો એક સફળ પ્રયોગ દાંડીયાત્રાએ કરી બતાવ્યો.
- પરિણામ સ્વરૂપ ત્યાર પછી સવિનય સત્યાગ્રહ દેશના અનેક હિસ્સાઓમાં શરૂ થયો.

----- -----



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in